

2020
2024

# તપોવન
## વિશ્વ-વિદ્યાલય
## -ઘુમલી



યદુવંશી એજ્યુકેશન
એંડ ચેરિટેબલ ટ્રસ્ટ


tapovan_vishwa_vidyalaya

TAPOVAN VISHWAVIDYALAYA - GHUMLI

+91 78 63 08 2468 +91 94 26 99 4808


મૈત્રી

TAPOVAN VISHWA-VIDYALAYA

# Bhimshibhai Karmur



*Lorem ipsum dolor sit amet, consectetur adipiscing elit, sed do eiusmod tempor incididunt ut labore et dolore magna aliqua. Quis ipsum suspendisse ultrices gravida. Risus commodo viverra maecenas accumsan lacus vel facilisis.*

Lorem ipsum dolor sit amet, consectetur adipiscing elit, sed do eiusmod tempor incididunt ut labore et dolore

## YOUR IDEAL WORKSPACE

Country Avenue 346-2
New York, NY

Write to us at
tapovanvishwavidyalayaghumli@gmail.com

# :: હેતુઓ ::

▬ આધુનિક શિક્ષણ વ્યવસ્થાના અને પદ્ધતિના તમામ હાનિકારક, અનિષ્ટ અને નકારાત્મક પાસાથી નવી પેઢીને સુરક્ષિત બનાવવી.

▬ પ્રાચીન અને અર્વાચીન માનસ, શાસ્ત્રીય શિક્ષણ પદ્ધતિઓના સમન્વય દ્વારા વિદ્યાપ્રાપ્તિના કાર્યને પ્રિય, સહજ, સુગમ, સરળ, ગ્રાહી, અસરકારક અને શ્રેષ્ઠ બનાવવું.

▬ વિદ્યાર્થીઓ, માવતરો (માતા-પિતા-વાલી-પાલક), ગુરૂજનો અને સમાજ ઉપરનો શિક્ષણ સંબંધી તમામ બિનઆવશ્યક માનસિક, શ્રમિક, સામાજિક અને આર્થિક બોજાને હટાવવો.

▬ અધ્યયન-અધ્યાપન કાર્યમાં ગુરુની મુખ્યતા અને સમાજમાં ગુરુના ગૌરવને પુનઃસ્થાપિત કરવા.

▬ ધીર, વીર, ગુણવાન, વિદ્વાન, પ્રજ્ઞાવાન, રાષ્ટ્રપ્રેમી, ધર્મપ્રેમી, શ્રેષ્ઠ, સમર્થ વ્યક્તિત્વ ધરાવતા યુવાઓનું નિર્માણ કરવું.

▬ આ ઉપરાંત અનેક ગૌણ હેતુઓનો સમાવેશ ઉપરોકત મુખ્ય હેતુઓમાં થઈ જાય છે, જે આ કાર્ય સાથે જોડાયેલ છે.

▬ મહર્ષિ ચાણકય, મહર્ષિ દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ તેમજ જગતભરના અન્ય શિક્ષણવિદોના માર્ગદર્શનનું સમાયોજન કરી શિક્ષણની નવરચના કરવી.

▬ પ્રેમ અને વૈશ્વિકબંધુત્વના આદર્શો સ્થાપિત કરવા.

▬ શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસને કેળવણીનું અભિન્ન અંગ બનાવવું તેમજ સંશોધનાત્મક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં કેન્દ્રવર્તી સ્થાન આપવું.

▬ ચારિત્રિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું સિંચન કરવું.

▬ વૈજ્ઞાનિક વાસ્તવવાદ અને કલાત્મક સર્જનાત્મકતાનું સંયોજન શિક્ષણ પ્રક્રિયામાં કરવું.

▬ કેવી રીતે જાણવું—તે શીખવું, કેવી રીતે કંઈક કરવું—તે શીખવવું, સહજીવન–અર્થાત્ સાથે જીવતા શીખવું.

▬ વ્યકિત, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વનો સુમેળભર્યો વિકાસ થાય એવું જીવનશિક્ષણ બાળકોને આપવુ.

▬ પ્રાચીન પ્રજ્ઞા અને ઋષિ-મુનિઓએ કરેલાં વૈજ્ઞાનિક સંશોધનોને આધુનિક વિજ્ઞાન સાથે સમન્વિત કરીને વિકાસ અને વિસ્તરણ કરવા.

▬ વ્યક્તિગત સદ્ગુણોનો વિકાસ કરી રાષ્ટ્રનિર્માણના કાર્યમાં એનો વિનિયોગ કરતાં અને ઉચ્ચતમ સાંસ્કૃતિક મૂલ્યો સાથે જીવતાં બાળકોને શીખવવું.

# :: ધ્યેય ::

- તપોવન વિશ્વવિદ્યાલયનો ધ્યેય બાળક અને તેના ભાવિ સંબંધી સંશોધનનાં વિશાળ ક્ષેત્રોને હાથ ધરવાનો છે. એ માટે નીચેનાં કાર્યસાધક ત્રિપરિમાણિય વિચાર બિન્દુઓ કેન્દ્રવર્તી છે.

- વિજ્ઞાન અને અધ્યાત્મના પ્રેરક બળ હેઠળ વૈજ્ઞાનિક વાસ્તવવાદ અને સૌંદર્યલક્ષી સર્જનાત્મકતાનો સમન્વય કરી બાળકોનો સુગ્રંથિત વિકાસ કરવો.

- જ્ઞાન સ્વાતંત્ર્ય અને સમૃદ્ધિના નૂતન વિશ્વના નિર્માણ કાર્યમાં ઈતિહાસના ગહન અધ્યયન દ્વારા પૂર્વ અને પશ્ચિમ, પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય સાધવો. આનું પરિણામલક્ષી પ્રચારકાર્ય ગુજરાત રાજ્યમાં તેમજ અન્યત્ર કરવું.

# :: દર્શન ::

- તપોવન વિશ્વવિદ્યાલયનું દર્શન ત્રિપરિમાણિય છે.

- બાળકોમાં વૈયક્તિક સ્વાતંત્ર્ય, સાર્વત્રિક સમતાવાદ અને વૈશ્વિક તેમજ આધ્યાત્મિક બંધુતાનો સમન્વય નિર્માણ કરવો. બાળકોને ઉચ્ચતમ આધ્યાત્મિક સત્યોની અનુભૂતિ કરાવવી.

- બાળકોને ભૌતિક સંશોધનો માટે સજ્જ કરી આર્થિક સમૃદ્ધિ વધારવી અને સાથોસાથ ઉદાત્ત ચારિત્ર્ય અને આત્મગૌરવનું નિર્માણ કરવું.



# :: કળા ::

(૧) ચિત્ર–નકશાઃ સ્કેચ, આકૃતિઓ, ડાયાગ્રામ, કાર્ટૂન, વાસ્તવદર્શી

(૨) ગાનઃ વિવિધ રાગો

(૩) વાદનઃ સિતાર, ઢોલક–તબલા, હાર્મોનિયમ, ખંજરી–મંજીરા

(૪) સીવણઃ તમામ પ્રકારના ટાંકા

(૫) પાકકળાઃ તમામ બાબતો ઉકાળવું, બાફવુ, તળવુ, વઘારવુ, શેકવુ, સીજવવ.

(૬) અભિનયઃ નૃત્ય, નાટક, એકપાત્રી, સંવાદ, શારીરિક ચેષ્ટાઓ અને હાવભાવ

(૭) લેખનઃ લેખ, નિબંધ, વાર્તા, અહેવાલ, યોજનાપત્ર, ભાષણ, કાવ્ય, નાટક,સંવાદ

(૮) સંભાષણઃ વક્તત્વ, ભાષણ, કથન

(૯) વાંચનઃ ઝડપી, અસરકારક વાચનનો મહાવરો (આદર્શ વાંચન) યોગ્ય હાવભાવ અને લય સાથે આરોહ-અવરોહ યુક્ત

(૧૦) સૃજન–સર્જનઃ વિવિધ વસ્તુઓ, બાબતોનું સર્જન કરવું (વેસ્ટમાંથી બેસ્ટ, માટીકામ, કાગળકામ)


(૧૧) શણગારઃ શરીર શૃંગાર, તખ્તાનો શણગાર, મંડપ શણગાર, ગૃહ શણગાર

(૧૨) જાદુકળાઃ મૂળ સિદ્ધાંતો, વિવિધ ખેલો



# તપોવનના ટ્રસ્ટી શ્રીઓ

## ◆ સમણ શ્રુતપ્રજ્ઞજી




સમણ શ્રુતપ્રજ્ઞજીએ 2006 માં પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. તેમનો જન્મ ડીસેમ્બર 1965માં ગુજરાતના કોરડા ગામમાં થયો હતો. રાજસ્થાનના જૈન વિશ્વભારતીમાં તેમણે પોતાનું શિક્ષણ પૂર્ણ કરી અને ત્યાંથી એમ.એ. ડિગ્રી મેળવી હતી.

સમણજી એક કરિશ્માઈ ત્યાગી આધ્યાત્મિક ગુરુ, પ્રખ્યાત લેખક અને પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી છે, જેમણે વિશ્વના 30થી વધુ દેશોમાં પ્રવાસ કર્યા છે, જેમકે ભારત, અમેરિકા, બ્રિટન, કેન્યા, મલેશિયા અને સિંગાપુરમાં તેઓ ખાસ લોકપ્રિય છે. ઓક્સફોર્ડ, કેમ્બ્રિજ, લંડન, હવાઈ અને બર્કલીની યુનિવર્સિટીઓમાં પણ તેમણે પ્રવચનો આપ્યા છે. આ ઉપરાંત, તેમણે વિશ્વભરમાં અનેક યોગ અને ધ્યાન સેમિનારોનું પણ સંચાલન કર્યું છે.


સમણજીના શિક્ષણો ભારતીય પ્રાચીન શાસ્ત્રો અને આધુનિક વિજ્ઞાનના સંમિશ્રણ છે. તેઓ ખાસ કરીને જૈન ધર્મના વિષય પર ઊંડું જ્ઞાન ધરાવે છે અને તેની સિદ્ધાંતો અને પ્રથા જીવનમાં કેવી રીતે લાગુ કરવી તેમા વિસ્તૃત જ્ઞાન અર્પે છે. સમણજી લોકપ્રિય યોગ અને ધ્યાન ગુરુ છે. તેઓ સરળતાથી અને ગહણપૂર્વક વાત કરે છે, અને વિવિધ ધાર્મિક પૃષ્ઠભૂમિ અને પરંપરાઓ ધરાવતા ભક્તો ધરાવે છે. સમણજી ખાસ કરીને યુવાનો માટે આકર્ષક છે, જે આત્મિક યાત્રા શરૂ કરવા અને આગળ વધવા માં રસ ધરાવે છે, અને તેમના માટે પ્રેરણાસ્રોત છે. તેઓ 70 થી વધુ પુસ્તકોના લેખક છે. તેમના મુખ્ય પુસ્તકો છે ઘર એ જ સ્વર્ગ, સુરક્ષા કવચ, ત્રિવેણી સંગમ, પ્રેરણના પગથિયાં, વગેરે.

સમણ શ્રુતપ્રજ્ઞજી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં નિપુણ છે અને તેમના પ્રવચનો દરેક વયના લોકોને અનુકૂળ છે. તેઓ પોતાના પ્રવચનોમાં ક્રોધ અને તણાવ પ્રબંધન, મનની શાંતિ, પ્રબોધન કલા. ભાવનાત્મક સંતુલન કેવી રીતે મેળવવું અને જૈન જીવન પદ્ધતિ જેવા વિવિધ વિષયો આવરી લે છે. પ્રાચીન શાસ્ત્રો અને આધુનિક વિજ્ઞાનના સંમિશ્રણ દ્વારા, સમણજી આધ્યાત્મિક ધારણાઓને વ્યવહારૂ રીતે પ્રસ્તુત કરે છે, જેથી લોકો તે બાબતોને દૈનિક જીવનમાં સરળતાથી સંકલિત કરી શકે.

સમણજીએ રાજકોટ, ગુજરાતમાં "પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશન"ની સ્થાપના કરી છે. રાજકોટનું આ કેન્દ્ર દુર્ગુણો સામે લડવાની, વિદ્યાર્થીઓને આંતરિક શાંતિ અને યોગા દ્વારા સારી જીવનશૈલી બનાવવાનું શિક્ષણ આપવાની અને પરિવારોને એકતામાં રાખવાની કોશિશ કરે છે. સમણજી આધ્યાત્મિક કેમ્પો, યોગ અને ધ્યાન સેમિનારોનો આયોજન કરતાં રહે છે, તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપનો પણ સમાવેશ થાય છે.




## ◆ નરોત્તમ પલાણ સાહેબ




સન્માનીય નરોત્તમ પલાણદાદા ઘણા વર્ષોથી તપોવન સાથે સંકડાયેલા છે, જે એક સાહિત્યકાર અને ઈતિહાસવિદ છે અને તે તેમના અનગણિત અનુભવો થી બાળકોને દર વખતે કઈક ને કઈક અવનવું જ્ઞાન પીરસે છે, તે અનુભવ બાળકોને કળયુગમાં કેવી રીતે જીવવું તે શીખવે છે. માત્ર આટલુંજ નહિ પરંતુ તે ઈતિહાસ ક્ષેત્રે પણ એટલુજ જ્ઞાન ધરાવે છે. ઈતિહાસ જાણીને મનુષ્ય એ નિશ્ચિત સ્થળની જાણકારી તથા શુ ઘટનાઓ બની ચૂકેલ છે તે વિશેની માહિતી પ્રદાન કરે છે.

90 વર્ષની ઉમર હોવા છતાંય તેમની હસી એક દસ વર્ષના બાળક જેવીજ છે, જેણે જોઈ સૌ કોઈ સરળતાથી સંમોહિત અને આકર્ષાય જાય છે. પલાણસાહેબને ઘણા બધા સન્માનોથી સમ્માનિત કરવામાં આવ્યા છે જેમકે કવિ કાગ સમ્માન, સારસ્વત સમ્માન, પ્રસિદ્ધ મેઘાણી એવાર્ડ, વગેરે. પલાણદાદાએ પોતે બધા ઈતિહાસિક સ્થળોની મુલાકાત લીધી છે અને એ પણ પગપાળા કરીને. તેમણે તેમની યુવાનીમાંજ પ્રવાસ શરૂ કરી દીધા હતા, જ્યાં અત્યારના યુવાનો પોતાનો સમય માત્ર સોશિયલ મીડિયામાં બરબાદ કરે છે અને પોતાની સર્જનાત્મક બુદ્ધિનો વિનાશ કરે છે.

પલાણસહેબ પહેલા મહિલા કોલેજમાં એક અધ્યાપક તરીકેની પોતાની ફરજ બજાવતા હતા. તે વિવિધ પ્રકારના અનોખા શોખ પણ રાખે છે, જેમકે ચિત્ર કરવું, સંગીત સાંભળવું, વાંચન કરવું, વગેરે. તથા ઈતિહાસ, પુરાતત્વ, શિલ્પ-સ્થાપત્યમાં વિશેષ રસ પણ રાખે છે. પલાણસહેબે ઘણા બધા પ્રયોગો અને સંશોધોમાં તેમનો સહયોગ આપ્યો છે. ઉદાહરણ તરીકે સૌરાષ્ટ્ર પોરબંદરથી દ્વારકા તથા સોમનાથના પ્રાચીન સાંસ્કૃતિક વારસાનું સંશોધનમાં, પુરાતત્વવેત્તા ડો. હસમુખ સાંકળિયા સાથે દ્વારકાના ખોદકામમાં સહયોગ આપ્યો છે, પ્રાચીન ટિંબાઓ, મંદિરો, કુંડો, શિલાલેખો પર ખતપૂર્વક સંશોધનમાં, વગેરે. મુખ્ય રીતે તેમણે ખ્યાતિ તેમના વિવેચન લેખો અને ડાયરી લેખન દ્વારા પ્રાપ્ત થઈ છે. તેમના પુસ્તકોની વાત કરીએ તો તેમણે 70 થી પણ વધારે પુસ્તકો લખ્યા છે જેમકે હુંહું, ચાલો પ્રવાસે, પોરબંદર ઈતિહહયાસ, સંત કવિ શ્રીભાણસાહેબ, ઈતિહાસ વિમર્શ, એક અધ્યાપકની ડાયરી, વગેરે તેમના પ્રસિદ્ધ પુસ્તકો છે. આટલા સમર્પિત માનવ અત્યારના યુગમાં મળવા દુર્લભ છે, તેથી આપણે કહી શકીએ કે પલાણસાહેબનું જીવન સિદ્ધ છે અને આત્મસમર્પીત છે.




## ◆ ગ્રેહામ ડ્વાયર




ગ્રેહામ ડવાયેર, જે ગંગારામજીના નામ થી પણ ઓળખાય છે. ગંગારામજી લંડનના રહેવાસી છે અને વારંવાર તપોવન ની મુલાકાત લેતા રહે છે. એમને ભારતમાં આવી અને ભૂત પ્રેત પર પીએચડી કરેલ છે, જે પોતામાંજ એક અદ્ભુત વાત છે કારણ કે એક વિદેશી છે અને ભારતમાં આવીને તેમનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. આટલું જ નહિ પરંતુ તેમને પોતાના હાથ ઉપર પણ ' શ્રી કૃષ્ણ ' લખાયેલું છે, આથી આપણને ખ્યાલ આવે છે તેમનો ભારત પ્રત્યેનો પ્રેમભાવ. ગંગારમજી પોતે વિશ્વ વિખ્યાત ઓક્સફોર્ડ યુનિવર્સિટીના ભૂતપૂર્વ અધ્યાપક રહેલ છે. તેમને તપોવનના વિદ્યાર્થીઓને ઘણી બધી માહિતી પ્રદાન કરી છે, જેમકે ખ્રિસ્તી ધર્મમાં સેનો સમાવેશ થાય, પરેન્ટિંગ અને ધ્યાન એટલે શું, વગેરે.

## ◆ માલદેભાઈ આહીર



જેઓ માતૃ શ્રી એસ આર કરમુર ના ટ્રસ્ટી તો છે પણ એક માર્ગદર્શક પણ છે . તેઓ ઉચ્ચ કક્ષા ના લોક સંગીત ના જાણકાર છે. જે આપણી વિસરાતી વિરાસત ( સંગીત ) ને સાચવી રહ્યા છે. તેઓ વિવિધ કલા ક્ષેત્ર ના સાચા જાણકાર ને આપણી સંસ્થાને આંગણે લાવે છે. બાળકો ના વિકાસ માં તેઓ અથાક મહેનત કરે છે. તેઓ મહારાસ જેવા સાંસ્કૃતિ ને લગતા કાર્યક્રમ માં મુખ્ય ભાગ ભજવી ચૂક્યા છે.પછી આપણે આંગણે સંસ્થાનાજ વિદ્યાર્થીઓ દ્વારા વીર મંગળા વાળો જેવા પ્રાચીનતા ધરાવતા કે હું પૃથ્વી જેવા માનવ ને જાગૃત કરતા નાટયો માં દિગ્દર્શક અને માર્ગદર્શક ની મૂલ્યવાન ફરજો અદા કરી છે.



# મહત્વના વ્યક્તિઓ

## ◆ ડૉ. વિશાલ ભાદાણી



ઉપ કુલપતિ (વાઈસ પ્રો-વોસ્ટ),
લોકભારતી યુનિ. ફોર રૂરલ ઈનોવેશન, સણોસરા.

1. સરદાર પટેલ યુનિ. વિદ્યાનગર, ધી એમ. એસ. યુનિ. ઓફ બરોડા, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગાંધીનગર, મારવાડી યુનિ. રાજકોટ, વગેરેમાં અંગ્રેજીનાં અધ્યાપક તરીકે સેવાઓ આપી.

2. કેમ્બ્રિજ યુનિ. પ્રેસ, ગુજરાત શાળા પાઠ્યપુસ્તક મંડળ અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ માટે પાઠ્યપુસ્તકોનું લેખન અને અનુવાદ કાર્ય કર્યું છે.

3. ગુજરાત સરકારના ફિનિશિંગ સ્કુલ' કાર્યક્રમ માટે ટ્રેનિંગ મેન્યુઅલ તૈયાર કર્યું છે.

4. 'ગાંધીયન મેથડ્સ ટુ સસ્ટેનેબલ લિવિંગ એન્ડ હેપ્પીનેસ નામનો ગાંધીજી પરનો વિશ્વનો પ્રથમ ઓનલાઈન કોર્સ Udemy માટે ડિઝાઈન કર્યો છે જેમાં અત્યારે કુલ ૮૬ દેશના ૧૧૫૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

5. ધ્રુવ ભટ્ટની બે નવલકથાઓ: ૧) અકૂપાર અને ૨) તિમિરપંથીનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. આ ઉપરાંત મનુભાઈ પંચોળીનું પુસ્તક 'ઈતિહાસ અને કેળવણી'નો પણ અંગ્રેજી અનુવાદ કર્યો છે. વિશ્વિખ્યાત ચિંતક યુવલ નોઆ હરારીના ત્રણ પુસ્તકોનો ગુજરાતીમાં સાર આપતું પુસ્તક 'એંધાણ' ગુજરાતભરમાં ખૂબ વંચાયું.


6. ગુજરાતના સેંકડો શિક્ષકો અને હજારો વાલીઓને 'શીખવાનું વિજ્ઞાન' વિષય પર કાર્યશાળાઓ અને વ્યાખ્યાનો દ્વારા માર્ગદર્શિત કાર્ય છે.

7. સિમ્બાયોસીસ યુનિ. પૂણે, એચ.આર.ડી.સી., ગુજરાત યુનિ., સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સુરત, અંગ્રેજી ભાષા સાહિત્ય ભવન ભાવનગર યુનિ., કે.સી.જી., અમદાવાદ, ચિલ્ડ્રન્સ યુનિ. ગાંધીનગર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. અમદાવાદ, આઈ.ટી.આઈ. રાજકોટ, આર્ય કન્યા ગુરુકુળ, પોરબંદર વગેરે જેવી અનેક સંસ્થાઓમાં તજજ્ઞ વ્યાખ્યાનો અને વર્કશોપ દ્વારા સેવાઓ આપી છે.

8. એમનું પુસ્તક: 'સ્કુલ અને ટ્યુશન સિવાયની કેળવણી ૨૦૨૧માં અને 'વધામણાં ૨૦૨૨માં પ્રકાશિત થયું છે.

9. વાલીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શિક્ષણમાં રસ ધરાવતા સૌ માટે એમની યુટ્યુબ ચેનલ છે જેનું નામ છે: 'સાયન્સ ઓફ લર્નિંગ'.

## ◆ ડૉ. મહેન્દ્ર ચોટલિયા



➡ પૂર્વ અધ્યક્ષ અને ડીન શિક્ષણ અનુસ્નાતક વિભાગ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પૂર્વ ડાયરેક્ટર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.

➡ એમ.એ. ( ઇંગલિશ લિટરેચર), એમ. એડ. (ગાઈડન્સ એન્ડ કાઉન્સેલિંગ), પીએચ. ડી.(શૈક્ષણિક ફિલોસોફી) ડિપ્લોમા ઈન જર્નાલિઝમ.

➡ 10 જેટલા પીએચ. ડી કક્ષાનાં સંશોધનોના સુપરવાઈઝર; માતૃભાષા ગુજરાતીની વાચન અર્થગ્રહણ અને વાચનગતિ સંવર્ધન માટે રાજ્યકક્ષાનાં બે સંશોધનોના માર્ગદર્શક

➡ 25 જેટલાં સંશોધનપત્ર, 150 જેટલા શિક્ષણ અને જીવન વિશેના લેખોનું પ્રકાશન અને ૨૦ જેટલાં પુસ્તકોનું પરામર્શન-સંપાદન, ભાષાંતર અને લેખન; ચાર જેટલાં મેગેઝિન/જર્નલનું સંપાદન કાર્ય.

➡ રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષણ પરિષદ (NCTE) દિલ્હીની પશ્ચિમક્ષેત્ર સમિતિના સભ્ય (૨૦૨૦ થી ૨૦૨૩); ગુજરાત રાજ્યની બાબા સાહેબ આંબેડકર યુનિ., ગુજરાત વિદ્યાપીઠ, લકુલીશ યોગ વિદ્યાપીઠ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, લોકભારતી યુનિવર્સિટી, IITE યુનિવર્સિટી ગાંધીનગર- નાં વિવિધ બોર્ડના સભ્ય.

➡ ગુજરાત રાજ્ય માટે પાઠ્યપુસ્તકો, ભાષા સજ્જતા સામગ્રી, સ્વાધ્યાયપોથી અને શિક્ષક પ્રશિક્ષણ મોડ્યુલના લેખક અને સલાહકાર

➡ ધોરણ ત્રણ થી 12 ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકો અને ધોરણ 1 થી 6 માટે માતૃભાષા ગુજરાતીનાં પાઠ્યપુસ્તકોના લેખક, સંયોજક અને વિષય સલાહકાર તરીકે કામગીરી. NCERT (દિલ્હી) સાથે પાઠ્યપુસ્તક રચના અને લેખક તરીકે કામગીરી.


➡ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ શિક્ષણશાસ્ત્ર, સંશોધન, ભારતીય જ્ઞાન પ્રણાલી અને ભાષા માટેના તજજ્ઞ તરીકે કાર્ય.

➡ વલસાડ-ધરમપુરના આદિજાતિ વિસ્તારમાં ત્રણ NGO સાથે શિક્ષણની કામગીરી.
ગુણવત્તા સંવર્ધન કાર્ય:

શૈક્ષણિક કાર્યની ગુણવત્તા વધુ સારી થાય તે માટે આ સંસ્થાઓ સાથે લાંબા ગાળાનું કાર્ય ચાલી રહ્યું છે:
૧. જશોદા નરોત્તમ ટ્રસ્ટ, ધરમપુરની 30 જેટલી શાળાઓ
૨. "કેડી" ધરમપુર નગારિયા ખાતેની આદિવાસી કન્યાઓ માટેની સંસ્થા
૩. એ. એફ. પટેલ પ્રાથમિક શાળા, કાણીસા, ખંભાત
અમેરિકાની સરકારના આમંત્રણથી દ્વિતીય ભાષા અંગ્રેજીના તજજ્ઞ તરીકે પાઠ્યપુસ્તકની રચના અંગેના સેમિનાર અને કાર્યશાળામાં સહભાગ તથા 10 જેટલી યુનિવર્સિટીની મુલાકાત.

## ◆ કનુભાઈ કરકર

કનુભાઈ કરકર એ એક જિલ્લા શિક્ષણ અધિકારીની પદ ભજવે છે. તેઓ બાળકો માટે ઘણા સર્જનાત્મક અને સહાયક કર્યો કરે છે. તેમના ઘરને ગુજરાતના શ્રેષ્ઠ ઘરનો એવોર્ડ મળેલ છે. તેઓ ભીમશિભાઈના ખાસ મિત્ર છે.



કનુભાઈ કરકરે તપોવનના વિદ્યાર્થીઓને સંસ્કૃતિ ની ઓળખ રૂપે પાંચ દિવસીય સંસ્કૃત શંભાષણ શિબિર પણ કરાવી હતી. એ સિવાય પણ તેમણે તપોવનના વિદ્યાર્થીઓને ઘણા સ્થાનો એ માર્ગદર્શન આપેલ છે.

# :: પ્રવાસ ::

## ◆ હેલિકોપ્ટર વર્કશોપ, મુંબઈ

તારિખ 17/10/2021 ના રોજ તપોવનના વિદ્યાર્થીઓ મુંબઈમાં વસતા કેપ્ટન એ.ડી.માણેકસાહેબની ઓફિસ પર ગયા ત્યાં તેમને પ્લેન તથા હેલિકોપ્ટરનું પ્રાથમિક જ્ઞાન આપ્યું. ત્યાંથી તેઓ મુંબઈ એરપોર્ટ પર હેલિકોપ્ટરમાં બેસીને તેની તાલીમ લેવા ગયા. તે પૂર્ણ કરી બાળકોએ ફ્લાયિંગ એકેડમીની મુલાકાત લીધી તેમાં તેઓ પ્લેન સિમ્યુલેટર પર પ્લેનને ઉડાડતા શીખ્યા અને બીજા દિવસે માણેકસાહેબ સાથે હેલિકોપ્ટર તથા પ્લેન વર્કશોપની મુલાકાત લીધી હતી.





રાત્રે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખ્યાતિ ધરાવનારા અભિનેતા કે જે ભીષ્મપિતાના નામે ઓળખાય છે એવા મુકેશભાઈ ખન્ના સાહેબને પણ મળ્યા હતા. તેમની સાથે થોડો સમય પસાર કર્યો અને ત્યારે તપોવનના વિદ્યાર્થી પાર્થભાઈ કરમુર દ્વારા ખન્નાસહેબના એક પાત્ર શક્તિમાનના મ્યુઝિકની રજૂઆત કરવામાં આવી હતી.

## ◆ લોકભારતી, સણોસરા





કેળવણીકાર વિશાલભાઈ ભાદાણીના માર્ગદર્શન હેઠળ ચાલતી એક વિદ્યાર્થીની પાંખ રૂપી સંસ્થા એટલે લોકભારતી. તે ભાવનગર જિલ્લાના સણોસરા ગામ ખાતે આવેલ છે. લોકભારતીમાં ઘઉં ઉત્પાદન કેન્દ્ર, ગૌશાળા, રમણીય બાગ-બગીચા, સંશોધન નર્સરી તથા સાઈન્સ લેબોરેટરી કે જે વિદ્યાર્થીઓ દ્વારા સ્વસંચાલિત છે તેની મુલાકાત લીધી. પ્રવાસ દરમિયાન આંબલામાં આવેલ ગ્રામ દક્ષિણામૂર્તિ શાળામાં પણ સમય પસાર કર્યો. ત્યાંની શિક્ષણ-પ્રણાલીથી વિદ્યાર્થીમાં ગુણોનો વિકાસ નિરંતરપણે થાય છે તે નરી આંખે નિહાળ્યું અને ત્યાંનું હજારો પુસ્તકોનો સમાવેશ કરતું પુસ્તકાલય પણ જોયું. ભાણવડ થી ભાવનગરના આ આનંદમય પ્રવાસ દરમિયાન તપોવનના વિદ્યાર્થીઓએ જ્ઞાનના ઝરણાંમાં સ્નાન કર્યું.

## ◆ સાઈન્સ સિટી, અમદાવાદ



તારિખ 17/10/2021 ના રોજ તપોવનના વિદ્યાર્થીઓ મુંબઈમાં વસતા કેપ્ટન એ.ડી.માણેકસાહેબની ઓફિસ પર ગયા ત્યાં તેમને પ્લેન તથા હેલિકોપ્ટરનું પ્રાથમિક જ્ઞાન આપ્યું. ત્યાંથી તેઓ મુંબઈ એરપોર્ટ પર હેલિકોપ્ટરમાં બેસીને તેની તાલીમ લેવા ગયા. તે પૂર્ણ કરી બાળકોએ ફ્લાયિંગ એકેડમીની મુલાકાત લીધી તેમાં તેઓ પ્લેન સિમ્યુલેટર પર પ્લેનને ઉડાડતા શીખ્યા અને બીજા દિવસે માણેકસાહેબ સાથે હેલિકોપ્ટર તથા પ્લેન વર્કશોપની મુલાકાત લીધી હતી.




રાત્રે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખ્યાતિ ધરાવનારા અભિનેતા કે જે ભીષ્મપિતાના નામે ઓળખાય છે એવા મુકેશભાઈ ખન્ના સાહેબને પણ મળ્યા હતા. તેમની સાથે થોડો સમય પસાર કર્યો અને ત્યારે તપોવનના વિદ્યાર્થી પાર્થભાઈ કરમુર દ્વારા ખન્નાસહેબના એક પાત્ર શક્તિમાનના મ્યુઝિકની રજૂઆત કરવામાં આવી હતી.

## ◆ સાઈકલ પ્રવાસ, દ્વારકા

આ એક અનોખો સાઈકલ પ્રવાસ હતો, જે આશરે ૧૭૫ કીલોમીટર નો રહ્યો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય પોષ્ટિક ખોરાક અને તંદુરસ્ત સ્વસ્થ સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાનનો હતો. અમારા આ પ્રવાસ નું આયોજન અને સહકાર આપવામાં ભાણવડ ના મામલતદાર જલપેશભાઈ બાબરીયા પણ હતા. એક દિવસ માં આશરે ૫૦ કીલોમીટર જેટલું અંતર કાપતાં હતા. પહેલી રાત્રિ રોકાણ ટંકાર ગામે ઉત્તર બુનિયાદી શાળા મા હતું.








બીજા દિવસે કલ્યાણપુર ગામમાં સામંતભાઈ બેલા ની મુલાકાત લીધી, જે શ્રેષ્ઠ ચિત્રકાર છે. તેમજ મૌલીકભાઈ ચંદ્રવાડીયા ને મળ્યા. તેઓએ પાર નદીની પગપાળા પરિક્મા કરેલ છે. ત્યારબાદ પીંડારા ગામ ખાતે રામભાઈ લગારીયા ના ઘરે રાત્રિ રોકાણ કર્યું હતું. ત્યાંથી પ્રવાસ ચાલુ રાખી અને સાંજે સૌ દ્વારકા શ્રીકૃષ્ણ ભગવાન ની નગરી પોહચી ગયા હતા અને આહીર સમાજવાડી માં રોકાયા હતા. ત્યારપછી મંદિર ના દર્શન કરી બીજા દિવસે બેટ દ્વારકા પણ ગયા હતા.


+ 91 78 63 08 2468
+ 91 94 26 99 4808
tapovan_vishwa_vidyalaya
TAPOVAN VISHWA VIDYALAYA -GHUMLI

## ◆ કોબા, અમદાવાદ

તપોવનના વિદ્યાર્થીઓ કોબા એક પવિત્ર તથા આધ્યાત્મિક સ્થળની મુલાકાતે અને ત્યાંના બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ તથા જ્ઞાનની આપલે કરવા માટે ગયા હતા. ત્યાંના પવિત્ર વાતાવરણમાંથી કોઈને પણ પાછું વળવું ન ગમે તેવું ત્યાંનું વાતાવરણ હતું. ત્યાં ના મુખ્ય સંત શ્રી સુરેશ ભૈયા સાથે પણ તપોવનના બાળકોએ વાર્તાલાપ કર્યો હતો, જે આજની દુનિયામાં જીવવા કામ લાગે છે. જનકદીદી અને અલકા દીદી સાથે પણ સમય પસાર કર્યો હતો અને પ્રશ્નો પણ કર્યા હતા, જેના સૌને સચોટ જવાબ પ્રાપ્ત થયા હતા. ત્યાંનું આકર્ષિત મ્યુઝિયમ પણ ખુબજ દુર્લભ હતું અને એ પણ આધુનિક સાધનો થી પ્રતિષ્ઠીત. તેમાં સંત શ્રી આત્માનંદજીનું સંપૂર્ણ આત્મ દર્શન દર્શાવામાં આવ્યું છે, જેમાં તેમનો બાળપણથી આત્માનંદજી બનવા સુધીનો પ્રવાસ છે.





## ◆ બાળમેળો, ડીશા





તપોવન અને પુરુષાર્થ ના વિદ્યાર્થીઓ તારિખ 10/2 ના રોજ બનાસકાંઠા જવા નીકળ્યા. ત્યાં પહોંચવા માટે સારો એવો સમય લાગતો હોવાથી એક યુક્તિ તેઓએ વિચારી. સામે જે જે વાહન મળતું હતું તે બધાને હાથ ઊંચો કરી હાય હેલ્લો કરે અને ગાડી વાળા પણ સામે પ્રતિક્રિયા કરે. આમ તેઓએ લગભગ અઢીસો લોકો ને ખુશ કર્યા. રાત્રે સ્થળે પહોંચી સવારે અહી થતી વ્યવસ્થામાં ભાગરૂપ થયા. અહી અનેક પ્રકારની પ્રવૃત્તિના સ્ટોલ હતા. તેમાં વેસ્ટ માંથી બેસ્ટ જેમકે કાગળ માંથી ટોપી બનાવવી વગેરે , પગલુછનિયું બનાવવું , લાકડા માંથી વસ્તુ બનાવવી ,માટીકામ, મોચિકામ, હસ્તકલા, સંગીત , ગણિત ગમ્મત , પત્ર વ્યવહાર ,જાદુગર ની કલાઓ વગેરે જેવી બાબતો અહી જોઈ અને જાણવા મળતી હતી.અહી આખા ગુજરાત ની શાળાઓ માંથી વિદ્યાર્થી આવેલા હતા. સાંજ પડતાં તેઓ અલગ અલગ ઘરે રાતવાસો કરવા ગયા. અહી ખૂબ સારી રીતે આવકાર્યા. આનાથી બાળક કોઈ અજાણી જગ્યાએ પરિવાર ની જેમ રહેવાની ભાવનાનો ગૂણ વિકસે છે. સૌ પરિવાર જનોએ ખૂબ સારી કાળજી રાખી.સવારે વિદ્યાર્થીઓ પાછા તેમનાં સ્થળે પહોંચ્યા. આજે અહી આભાર વિધિ સમારોહ હતો.અહી કૃષ્ણ દવે અને નરેન્દ્ર ભાઈ જોશી ને મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. તેઓએ બાળકો ના વિકાસ માટે ઘણું ખરું કાર્ય કર્યું છે. અહીંથી બધાની યાદો માં રહી પરત આવવા નીકળ્યા . રસ્તામાં મોઢેરા ના સૂર્યમંદિર અને રાણી ની વાવ ની એઈતિહસિક મુલાકાત બાદ બધી યાદો વાગોળતા ભાણવડ પહોંચ્યા .

## જિલ્લા કોર્ટ, દેવભુમી દ્વારકા








તાપોવનના વિદ્યાર્થીઓએ 22/02/2024 ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કોર્ટની મુલાકાત લીધી હતી, જે ખંભાળીયામાં આવેલી છે. તેમના પ્રવાસ દરમિયાન, વિદ્યાર્થીઓ ચર્ચા કરી રહ્યા હતા કે ત્યાં શું હશે? ઉત્સુકતા સાથે વિધ્યાર્થીઓ કોર્ટ પહોંચ્યાં. કોર્ટમાં, વિદ્યાર્થીઓને કેટલાક કાયદાઓ અને કોર્ટ શું છે તે વિશે જાણવાનું મૌકો મળ્યો. તેઓ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશોને મળ્યા. સમગ્ર કોર્ટના પ્રવાસ પછી, તેઓએ બાળકોની વિશિષ્ટ કોર્ટની મુલાકાત પણ લીધી. આ તમામ તેમની શૈક્ષણિક પ્રવૃત્તિનો ભાગ હતો.

## અદાણી ઈંડસ્ટ્રી, મુંદ્રા





તારિખ 3/3/2024 ના રોજ અમે કચ્છના મુન્દ્રા ખાતે આવેલ અદાણી ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. અમે ત્યા શાંતિ વિહાર માં રાત્રે રોકાણ કર્યું હતું અને સવારથી અમારી અદાણી ઈન્ડસ્ટ્રીની મુલાકાત શરૂ થઈ. પહેલા અમે પોર્ટ પર ગયા ત્યાં જઈ અમે અદાણી ઈન્ડસ્ટ્રીનું મીનીએચર મોડલ જોયું ત્યારે ખબર પડી કે અદાણી કેટલું વિશાળ છે, પછી ત્યાંથી વિલમાર ની મુલાકાત લીધી.



તેમાં એમને જોવા મળ્યું કે ખાદ્યતેલ નું પીલાણથી લઈ અને પેકિંગ સુધી કઈ-કઈ પ્રક્રિયા થાય છે. પછી અમે ત્યાંથી થર્મલ પાવર પ્લાન્ટની મુલાકાત લીધી, ત્યારે ખબર પડી કે આવી રીતે પણ વિદ્યુત ઉત્પન્ન થઈ શકે છે અને સાંજના સમયે સાંસ્કૃતિ કાર્યક્રમ નું પણ આયોજન હતું. તેમાં તપોવન તથા પુરુષાર્થના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ કૃતિની રજૂઆત કરવામાં આવી હતી. બીજા દિવસે અમે અદાણી વિન્ડમિલની મુલાકાત લીધી.



+ 91 78 63 08 2468
+ 91 94 26 99 4808
tapovan_vishwa_vidyalaya
TAPOVAN VISHWA VIDYALAYA -GHUMLI

## ◆ આભાપરા, ઘુમલી

એક રોમાંચક અને નવીન અનુભવોથી ભરપૂર એવી તપોવનના વિદ્યાર્થીઓની યાત્રા એટલે આભપરા પર્વતારોહણ. બરડા અભયારણ્યમાં આવેલ આભાપરા પર કાચા રસ્તેથી વિદ્યાર્થીઓએ ચઢાણ શરૂ કર્યું અને તેમાં બધા એકબીજાને સાથ પૂરો પડતાં અને આગળ ચાલતા. માર્ગમાં એક મિત્રતા ભર્યો મોર પણ તેઓની સાથે ચાલતો થયો અને છેક લક્ષ્ય સુધી આવ્યો. ટોચ પર મંદિરના દર્શન કર્યાં અને ત્યાંનો આનંદ માણીને પરત ફર્યાં. નીચે આવતી વખતે કોઈના ચહેરા પર થાકનો અંશ પણ નહોતો.







# :: તહેવારો ::

## વિશ્વ પર્યાવરણ દિવસ





5 જૂન એટલે વિશ્વ પર્યાવરણ દિવસ. આખું વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરતું હોય છે. તપોવનમાં આ દિવસની ઉજવણી એક વિવિધ કાર્ય કરીને મનાવામાં આવે છે. જેમાં એક વાર વન રક્ષક વિભાગ દ્વારા પર્યાવરણ જાગૃતિ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, 15 વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું હતું અને તેનું જતન કરવાનો સંકલ્પ કર્યો હતો. તે જ અંગે અન્ય કાર્યક્રમોની રજૂઆતો પણ કરવામાં આવી હતી. બરડા અભ્યારણ્યના R.F.O. સાહેબે પર્યાવરણ વિશે માહિતી પણ પ્રદાન કરી હતી. તપોવન પરિવાર પર્યાવરણ અંગે હર હંમેશા જાગૃત રહે છે.



## વિશ્વ યોગ દિવસ

યોગ એટલે મન અને તન ને ઉજાગર કરવા. આમતો તપોવન માં પ્રાતઃ કાલે યોગ કસરત પ્રાણાયામ કરી વિદ્યાર્થીઓ આળસ ખંખેરી સ્ફૂર્તિ થી ભરપૂર થાય છે. અહી ગુરુજી દ્વારા શિક્ષિત કરેલ કસરતો અને વ્યાયામો વિદ્યાર્થી શીખે છે અને નુતન પ્રવેશેલા વિદ્યાર્થીઓને ને શીખવે છે. અહી વિદ્યાર્થીઓ સમૂહમાં બેસીને એક દિવસ પૂર્વે એક વિદ્યાર્થીને પસંદ કરે છે અને બીજી સવારે તે પસંદ થયેલ વિદ્યાર્થી વ્યાયામ કરાવે છે. તેલ મર્દનમ્, જેનું યોગ ચિકિત્સામાં મહત્વપૂર્ણ વર્ણન છે અને બાળકોને પદ્ધતિસર તેલ માલિશ પણ બાળકોને અહી શીખવવામાં આવ્યું છે. વિશ્વ યોગ દિન તો અહી મોટા તહેવાર ની જેમ જ ઉજવવામાં આવે છે. તે દિવસે બાળકો સૌને યોગ અંગે જાગૃત કરવા નિશ્ચીત સ્થળે જઈને યોગ પ્રદર્શન કરતાં હોય છે અને તેનું ફિલ્માંકન કરી યોગ્ય મંચ પર પ્રસ્થાપિત કરતાં હોય છે.





## ◆ રક્ષાબંધન






રેશમનો તાર એક અનોખો સાર, ભીંજાય એમા આખો સંસાર
એવોજ એક અનોખા તહેવાર, રક્ષાબંધન, જેની ઉજવણી તપોવનમાં ખુબજ અદભૂત રીતે કરવામાં આવી હતી. દરેક બહેનો એ ભાઈઓ ને રક્ષાકવચ બાંધ્યું હતું. આ રક્ષાની દોરી એ ફકત દોરી નથી આ તો બહેનનો ભાઈને અને ભાઈનો બહેનને હૃદયથી અપાતો લાગણીનો દસ્તાવેજ છે.

## ◆ જન્માષ્ટમી





જન્માષ્ટમી, એક ભારતીય તહેવાર તરીકે, આખા ભારતમાં ઉજવાય છે. તપોવનના ભાઈઓએ હાંડી માટે પિરામિડની રચના કરી અને યુવતીઓએ નવીન વિચારોથી હાંડીને સુશોભિત કરી હતી. આ બધું ખૂબ ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું હતું. તપોવનના વિદ્યાર્થીઓએ ઉજવણી કરી અને આનંદ મેળવ્યો. હાંડીની ઉજવણી પછી, સૌ વિદ્યાર્થીઓ પૂરી ઉર્જા અને આનંદ સાથે ગરબા રમ્યા.


+ 91 78 63 08 2468
+ 91 94 26 99 4808
tapovan_vishwa_vidyalaya
TAPOVAN VISHWA VIDYALAYA -GHUMLI

## ગુરુ પૂર્ણિમા

આ તહેવાર અંધકારમાંથી પ્રકાશ તરફ લાઓઈ જનાર ગુરુ માટેનો દિવસ છે. ગુરુ પૂર્ણિમા એ આપના ભારત દેશમાં પ્રાચીનકાળથી ઉજવવામાં આવતો તહેવાર છે પણ અત્યારના યુગમાં ઘણા લોકો આ પાવન પર્વને ભૂલી રહ્યા છે, જ્યાં તપોવનના વિદ્યાર્થીઓ ગુરુ પૂર્ણિમાનું મહત્વ સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે. તપોવનના વિદ્યાર્થીઓ દર વર્ષે વ્યાસ પૂર્ણિમાના દિવસે વિવિધ ભાષામાં તેનું મહત્વ સમજાવે છે અને ગુરુનું આપણા જીવનમાં શુ મહત્વ છે તે વિશે જાગૃત કરે છે.





## ગણેશ ચતુર્થી



પી.ઓ.પી. થી બનેલ મૂર્તિનું ઘરે સ્વાગત કરવું અને પધરાવવા જવું, આતો અત્યાર ના જમાનાનો ટ્રેન્ડ થઈ ગયો છે. ત્યારેજ તપોવન માં બાળકોએ ભેગા મળીને નક્કી કર્યું હતું કે માટી થી ગણેશજી બનાવા છે અને ત્યાંજ વિસર્જન કરવું છે. ત્યારપછી સૌના સહયોગથી માટીના ગણપતિજી બનાવી અને સ્થાપિત કર્યા હતા તથા આરતી પણ કરી હતી. મૂર્તિ બનાવતી વખતે ઘણા વિઘ્નો આવ્યા જેમકે વારંવાર તૂટી જવું, જલ્દી સુકાઈ જવું, વગેરે.

પણ જ્યારે વિઘ્નહર્તાનું જ નિર્માણ થતું હતું તો પછી વિઘ્નો ટકે નહીં. અનહદ આનંદ સાથે વિદ્યાર્થીઓએ તહેવારને ઉજવ્યો.





## ◆ શિક્ષક દિવસ

શિક્ષક, ગુરુજી, માસ્તર,સાહેબ આવા શબ્દો સાંભળતાની સાથે જ મનમાં એક આદરભાવ ઉત્પન્ન થાય છે. આવો જ આદર્શ ભાવ તપોવન પરિવાર સર્વ ગુરુજનોને અર્પે છે. ડો. રાધાકૃષ્ણ સર્વપલ્લી એ ભારતના એક મહાન શિક્ષક હતા અને તેમની આ મહાનતાના કારણે આપણે સૌ તેના જન્મદિવસ ને શિક્ષક દિન તરીકે ઉજવીએ છીએ. તપોવન ના વિદ્યાર્થીઓ પણ શિક્ષક દિવસની ઉજવણી કરતા હોય છે. જેમા નાના બાળકોથી લઈને મોટા ધોરણના બાળકો સૌ શિક્ષક બને છે. સૌ પોતાની આવડત પ્રમાણે જ્ઞાન પીરસે છે. તેમાં સંગીત, નૃત્ય, અલગ-અલગ વિષયો તેમજ થિઓરિટીકલ અને પ્રેક્ટીકલ બંને પ્રકારની શિક્ષા પ્રદાન કરે છે. ભારતના ગુરુજનના સૌ કોઈ રૂણી છે. તપોવન પરિવાર શિક્ષકોનો હંમેશા આભારી અને રૂણી હતો અને રહેશે.






## ◆ દિવાળી

અંધકાર વચ્ચે પ્રકાશનો તહેવાર એટલે દિવાળી. પરંપરાગત રીતે દિવાળી દિવાઓ દ્વારા ઉજવવામાં આવે છે. તપોવનના વિદ્યાર્થીઓએ પરંપરાને માન આપ્યું અને ગાયના ગોબર તથા માટીથી બનેલા દિવાઓથી રાતના સમયે આખું તપોવન જળહળતું કર્યું. બધા જ વિદ્યાર્થીઓએ ઘરને બદલે તપોવને દિવાળી ઉજવવાની પસંદ કરી, જે તેઓનો પોતાની શાળા પ્રત્યેનો સમર્પણ ભાવ અને એક નવો જ અનુભવ મેળવવા માટેની જિજ્ઞાસા દર્શાવે છે.









+ 91 78 63 08 2468
+ 91 94 26 99 4808
tapovan_vishwa_vidyalaya
TAPOVAN VISHWA VIDYALAYA -GHUMLI

## ◆ 15 મી ઓગસ્ત

ભારત આઝાદ થયો ને ફૂલડાં પાસા ખીલવા માંડ્યા એવો દિવસ એટલે કે ૧૫ મી ઓગષ્ટ અને આજ  દિવસે અમે પ્રકૃતિ ની ગોદમાં એટલે કે તપોવનમાં છીએ. એમાં અમે સૌ મળીને અમારી ગુરુકુળમાં ધ્વજ વંદન અને વૃક્ષો વાવીને ઉજવવામાં આવે છે. ત્યારબાદ NCC કેડેટસ અને વિદ્યાર્થીઓ મળીને સ્વાતંત્ર દિવસ નિમિતે ગામમાં રેલી કાઢે છે. ત્યારબાદ મુખ્ય મહેમાન દ્વારા આ બાળકો ને પ્રોત્સાહન આપવામાં આવે છે. તથા NCC કેડેટસ દ્વારા પરેડ કરવામાં આવે છે. ત્યારબાદ હસી ખુશીથી આ કાર્યક્રમ ને પૂર્ણ કરવા માં આવે છે.






# :: પ્રવૃતિ ::


## ◆ ચિત્ર

ચિત્ર એક એવી કળા છે કે જે નાના થી મોટા સુધી બધા કરી શકે છે. ચિત્રકળામાં વિવિધ પ્રકારો પડે છે, જેમકે સ્કેચ, ડોટ આર્ટ, લાઈન આર્ટ, મંડાલા, એક્રેલિક, ઓઈલ વગેરે. ચિત્રની શરૂઆત કેવળ થોડા આકારો બનાવવા માત્રથી થઈ જાય છે. તપોવનના બાળકોને ચિત્રકામ પ્રવૃતિના એક અજોડ ભાગરૂપે આવે છે. તેઓ વિવિધ સ્પર્ધાઓમાં પણ ભાગ લે છે







## ◆ સંગીત





સંગીતમાં વિવિધ વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે, ઉદાહરણ તરીકે ઢોલ, તબલા, ઓકટોપેડ, હાર્મોનિયમ, ઓર્ગન વગેરે. આ બધા વાદ્યો તપોવનના બાળકો વગાડી શકે છે અને એક બીજાને શીખવે પણ છે. સંગીતના પણ પેટા પ્રકાર ઘણા બધા છે જેમકે સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત, લોક ગીતો, વગેરે. વિદ્યાર્થીઓએ સ્પર્ધાઓમાં ભાગ લઈને પોતાનું સ્થાન આગવું કર્યું છે.

## ◆ રસોઈ



રસોઈ એક એવી કળા છે કે જે માણસને તેના જીવનકાળમાં સર્વત્ર ઉપયોગી નીવડે છે. તપોવનમાં બધા બાળકોને રસોઈ શીખવવામાં આવે છે જેથી તેઓને ભવિષ્યમાં પાછી પાની ન કરવી પડે. તપોવનના વિદ્યાર્થીઓ અઠવાડિયામાં એક દિવસ રસોઈ કરે છે અને વિશેષ દિન પર અચૂક મદદે પહોંચે છે.



## ◆ પશુપાલન

પશુપાલન એ પ્રાચીનકાળથી ચાલી આવતી માનવીય પ્રવૃત્તિ છે. તપોવનમાં એક શ્વાન, બે ગીર ગાય અને ત્રણ વાંછરડી રાખવામાં આવી છે. સ્વસંચાલિત બાળકો પ્રાણીઓની સારવાર અને સાચવણી પોતેજ કરે છે. બાળકોને ગાય દોહવાથી લઈને શ્વાનની પરવરિશ કરવા સુધીનું દરેક પ્રકારનું જ્ઞાન આપવામાં આવે છે. વિદ્યાર્થિની સુરક્ષા માટે કોઈ પણ જંગલી પ્રાણી સામે આવી જાય તો ત્યારે શું કરવું, તેનું પણ પ્રશિક્ષણ તેમને આપવામાં આવે છે.








+ 91 78 63 08 2468
+ 91 94 26 99 4808
tapovan_vishwa_vidyalaya
TAPOVAN VISHWA VIDYALAYA -GHUMLI

## ◆ બીજારોપણ

તપોવનમાં એક પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને 64 પ્રકારના ના ફૂલ છોડ અને શાક ભાજી ના બીજ આપવાં માં આવ્યા હતા અને તેમને તે બીજ વાવવા ના હતા. ત્યારબાદ જેમને જે વાવ્યું હોય તેનું અવલોકન કરવાનું હતું અને લખવાનું હતું, જેથી બાળક ને અવલોકન તથા ખેતી કરતા આવડે.





## ◆ વાંસ પોટ




વાંસ પોટએ વાંસ માંથી બનાવવામાં આવતું એક આર્ટ છે, જેમાં વાંસનો એક ભાગ ખુલ્લો અને એક ભાગ બંધ હોય છે. વાંસને સુઘડ આકાર અને ઢાળ આપીને પછી તેમાં બહારની બાજુ રંગ કરવામાં આવે છે. તે એક પોટ ત્રણ રીતે કામ કરી શકે છે, જેમ કે પાણી પીવા, પેન અથવા ફુલ રાખવા તેમજ અન્ય વસ્તુઓથી સુશોભિત કરવા છે.



## ◆ ટ્રી બેડ





લીમડા જેવા અતિ ફાયદાકીય ઝાડ પર વિદ્યાર્થીઓએ ડાળખીઓની સરગમને ઓળખીને તેના પર ખાટલા જેવી બેઠકો કરેલ છે. આ કળાને વાંસ અને દોરીથી અંજામ આપવામાં આવેલ છે. વાંસ લગાવીને તેમાં ખાટલાની જેમ દોરી બાંધી અને તેના પર વાંસથી છાપરું બનાવવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરે અને પ્રકૃતિના સાગરના ટીપાં રૂપે આવેલ વૃક્ષ પર જ્ઞાનની ગંગા વહાવે.

## ◆ કોતરણી કામ

પથ્થરને કોતરીને તેમાંથી મૂર્તિઓ, લેખો, ચિત્રો, વગેરે બનાવવામાં આવતા હોય છે તેને કોતરણી કામ કહેવાય. તપોવનમાં પણ કઈક આવીજ રીતે પથ્થર પર "તપોવન વિશ્વ વિદ્યાલય" ની કોતરણી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી છે. આ કોતરણી કાર્ય થકી આપણને પૌરાણિક કોતરણીની મહત્વતાની જાણ થાય છે અને આપણા અંદરની આ અનોખી કળાને ખીલવી શકીએ છીએ. આ કાર્ય કરવું અશક્ય નથી પરંતુ અઘરું પણ નથી. તપોવન ના વિદ્યાર્થીઓ જ્યારે કોતરણી કામ શીખતા હતા ત્યારે ઘણી અડચણો આવી હતી, જેવી કે કોતરણી કરતા સમયે પથ્થરનું તૂટવું, તો ક્યારેક જીણવટ થી કામ કરવામાં લખાણમાં પણ કોતરાઈ જવું. છતાં અંતે પોતાને નિષ્ફળ ન માનીને પાછો પ્રયાસ કરતા અને સફળ થતાં.










+ 91 78 63 08 2468
+ 91 94 26 99 4808
tapovan_vishwa_vidyalaya
TAPOVAN VISHWA VIDYALAYA -GHUMLI


# આગત્યના મહેમાનો




◆ શ્રી રમેશભાઈ ઓઝા



◆ ડો. નિરંજનભાઈ રાજ્યગુરુ




◆ ડો. જગદીશભાઈ ત્રિવેદી




◆ ડો. રણજીતભાઈ પવાર



◆ ડો. જયશંકરભાઈ રાવલ




◆ પ્રફુલભાઈ પાનસૂરિયા



◆ દુર્લભભાઈ




◆ વિનોદભાઈ જોષી




◆ ડો. સંજયભાઈ રાવલ



◆ એમ.બી. માર્થક(C.O. ARMY)



◆ મેહુલભાઈ




◆ માયાભાઈ આહીર




◆ રાજભા ગઢવી



◆ ડો. રસીલાબહેન પટેલ



◆ સચ્ચિદાનંદજી



◆ શવજીભાઈ છાયા



◆ નાજાભાઈ આહિર




◆ સુરેશભૈયાજી


# વિદેશી મહેમાનો



◆ આશિષભાઈ



◆ હનાનો સાતો



◆ કૌશિકભાઈ અને ભારતીબહેન




◆ પ્રવીણભાઈ અને અશ્વિનભાઈ



◆ અતુલભાઈ શાહ



◆ સંજીવભાઈ અને લીનાબહેન કોઠારી



◆ રાજભાઈ અને હીમાનીબહેન દવે



◆ મુકેશભાઈ અને અવનીબહેન



◆ ઉષાબહેન લુહાડિયા